# સ્વતંત્રતાને સ્વચ્છંદતા સાથે નહીં, સંસ્કાર સાથે જોડીએ



સંબંધોના તાણાવાણા
ગીતા શ્રોફ

સ્વતંત્રતા મેળવવી કઠીન છે, પરંતુ મળેલી સ્વતંત્રતાને વિવેકપૂર્વક પચાવવી કદાચ તેનાથી પણ વધુ કઠીન છે કારણ કે સ્વતંત્રતા આપણને અધિકાર આપે છે, જ્યારે તેનો યોગ્ય ઉપયોગ આપણાં સંસ્કાર, સંયમ અને જવાબદારીની કસોટી કરે છે. જ્યાં આ સંતુલન ખોરવાય છે ત્યાં સ્વતંત્રતા ધીમે ધીમે સ્વચ્છંદતામાં પરિવર્તિત થઈ જાય છે. સ્વતંત્રતા આપણા જીવનના દરેક સ્તરને સ્પર્શે છે. વ્યક્તિગત જીવનમાં તે પોતાની કારકિર્દી, જીવનસાથી, પહેરવેશ અને જીવનશૈલી પસંદ કરવાનો અધિકાર છે. પરિવારમાં તે પોતાના વિચારો નિર્ભયતાથી વ્યક્ત કરી શકાય એવું વાતાવરણ છે. સમાજમાં તે ભય, ભેદભાવ અને અન્યાય વિના સન્માનપૂર્વક જીવવાની તક છે. જ્યારે રાષ્ટ્રની વાત આવે ત્યારે સ્વતંત્રતા એટલે પોતાના દેશનું શાસન, વિકાસ અને ભવિષ્ય જાતે ઘડવાનો અધિકાર

પરંતુ દરેક સ્તરે એક વાત સમાન છે- સ્વતંત્રતા આપણને માત્ર અધિકાર નથી આપતી, એ આપણી જવાબદારીની કસોટી પણ કરે છે. **સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચે પાતળી રેખા છે. સ્વતંત્રતા કહે છે, ‘‘મને મારા વિચારો વ્યક્ત કરવાનો અધિકાર છે.’’ સ્વચ્છંદતા કહે છે, ‘‘ હું ગમે તે રીતે અને મને ગમે તેવી ભાષામાં બોલી શકું.’’ સ્વતંત્રતા પોતાના અધિકારની સાથે અન્ય વ્યક્તિની ગરિમાનો સ્વીકાર કરે છે જ્યારે સ્વચ્છંદતા પોતાની ઈચ્છાને જ સર્વોપરી માને છે. સ્વતંત્રતામાં વિવેક, મર્યાદા, સંયમ અને જવાબદારી હોય છે. સ્વચ્છંદતામાં ઘણી વાર આવેશ, અહંકાર અને પરિણામોની અવગણના જોવા મળે છે.** દરેકે દરેક વ્યક્તિએ સ્વયંમાં આ જોવું જરૂરી છે કે તેઓ આ બે વચ્ચેની પાતળી ભેદરેખા ઓળંગી તો નથી જતાં? ઘણી વાર સંબંધમાં સામેવાળી વ્યક્તિ મૌન રહી બધું સહન કરતી હોય છે. જેનો અંદાજ આપણને આવતો જ નથી હોતો.

## કેસ

નિર્મળા નિકેતનમાં રહેતાં નિર્મળાબેન આધુનિક વિચારસરણી ધરાવતાં હતાં. પતિના અવસાન બાદ તેઓ પોતાના એકમાત્ર દીકરા ચિરાગ સાથે રહેતાં હતાં. ચિરાગના લગ્ન કામિની સાથે થયા ત્યારે નિર્મળાબેન ખૂબ ખુશ હતાં. વહુ પર કોઈ બંધન કે બોજ ન લાધ્યો. ધીમે ધીમે ઘરની તમામ ચાવીઓ પણ તેને સોંપી દીધી પરંતુ આ સ્વતંત્રતાની સાથે પરસ્પર સન્માન અને જવાબદારી જળવાઈ નહીં. કામિનીનું વર્તન બેફામ બનતું ગયું. તેના પિતાના અવસાન પછી તે પોતાની માતાને પણ સાસરે રહેવા લઈ આવી. ત્યાર બાદ ઘરના નિર્ણયો પર મા-દીકરીનું વર્ચસ્વ વધતું ગયું અને નિર્મળાબેન પર જવાબદારીનો ભાર વધતો ગયો. ઘરની શાંતિ તથા ચિરાગની નાની દીકરીના ભવિષ્યને માટે આશરે 25 વર્ષ નિર્મળાબેન અને ચિરાગે ચૂપચાપ બધું સહન કર્યું. પછી તો દીકરી એકોકિતના લગ્ન થયા. એકોકિત અને તેનો પતિ એકલવ્ય બેંગ્લોર એકલાં જ રહેતાં હતાં પરંતુ કામિની તથા તેની માતા વારંવાર એકોક્તિને મદદ કરવાના બહાને તેના ઘરે રહેવા જવા લાગ્યાં. પરિણામે ત્યાં પણ તણાવ સર્જાયો. એકલવ્યનાં માતા-પિતા ક્યારેક જ વારતહેવારે રહેવા આવતાં, ત્યારે એકોકિતનું વર્તન ખૂબ આકરું રહેતું. જેથી એકલવ્ય ખૂબ દુઃખી રહેવા લાગ્યો અને સસરા સાથે વાત કરી. સસરા ચિરાગે પોતાની નિસહાયતા જણાવી પરંતુ આ વખતે પહેલી વાર ચિરાગે મક્કમતાની પોતાની તથા દીકરી એકોકિતના ઘરની શાંતિ અને મર્યાદા જાળવવાની વાત કરી તથા સાસુને પોતાના વતન પરત જવા કહ્યું. કામિની પણ ગુસ્સામાં માતા અને દીકરી સાથે ઘરમાંથી ચાલી ગઈ. આજે ચિરાગ અને તેનો જમાઈ એકલવ્ય- બંનેના છૂટાછેડાના કેસ કોર્ટમાં ચાલી રહ્યા છે અને આમ સ્વતંત્રતાને પચાવી ન શકનાર કામિની અને એકોકિતનો પરિવાર વિખરવાને આરે છે.



આ કિસ્સો સ્વતંત્રતા આપવાના નિર્ણયને ખોટો સાબિત કરતો નથી પરંતુ એ ચોક્કસ સમજાવે છે કે **સંબંધોમાં સીમા, સંવાદ અને પરસ્પર સન્માન વિના મળેલી અમર્યાદિત છૂટ ધીમે ધીમે સ્વચ્છંદતા, વર્ચસ્વ અને હસ્તક્ષેપમાં ફેરવાઈ શકે છે. પરિવારને બંધનોથી નહીં પરંતુ સ્વતંત્રતા સાથે જવાબદારી અને સમયસર દોરેલી સ્વસ્થ મર્યાદાઓથી સુરક્ષિત રાખી શકાય છે.**

સ્વતંત્રતાની આ કસોટી રાષ્ટ્રને પણ લાગુ પડે છે. તાજેતરમાં જંતર-મંતર ખાતે જોવા મળેલાં કેટલાંક દૃશ્યોને કારણે મારા મનમાં આ ભેદરેખા વિશે ગંભીર વિચાર જાગ્યો. એક દીકરીને માસિક ધર્મ (પીરિયડ)વિશે અત્યંત અભદ્ર ભાષામાં બોલતી સાંભળી. માસિક ધર્મ સ્ત્રીના શરીરની સંપૂર્ણપણે કુદરતી અને વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. દાયકાઓથી અમારા જેવા અનેક સામાજિક કાર્યકરો અને સંસ્થાઓએ તેને લઈને સમાજમાં રહેલી ગેરસમજો, છોછ, અસ્પૃશ્યતા અને શરમની ભાવના (ટેબુ) દૂર કરવા પ્રયત્નો કર્યા છે. દીકરીઓ માસિક સ્વચ્છતા વિશે નિર્ભયતાથી વાતો કરી શકે અને આ દિવસોમાં ભેદભાવનો ભોગ ન બને-એ માટે વર્ષોની મહેનત પછી આજે સમાજમાં થોડો સકારાત્મક બદલાવ જોવા મળી રહ્યો છે. આવા સંજોગોમાં માસિક ધર્મ જેવી કુદરતી પ્રક્રિયાને અભદ્ર મજાક સાથે કોઈ પુરુષ સાથે અશ્લીલ રીતે સાંકળવી ખૂબ પીડાદાયક લાગે છે. જે વિષયને આપણે શરમ, ગંદકી અને ભ્રમમાંથી બહાર લાવવા માંગતા હતા, એ જ વિષયને સ્વચ્છંદતાના નામે ફરીથી બીભત્સતા સાથે એક દીકરી દ્વારા રજૂ કરવામાં આવે તો આપણી વર્ષોની જાગૃતિનું શું?

> **સમાનતા એટલે પુરુષોની ખરાબ આદતો અપનાવવાનો અધિકાર નહીં. સમાનતા એટલે સ્ત્રી અને પુરુષ બંને માટે સમાન મૂલ્યો, સમાન મર્યાદા અને સમાન જવાબદારી**

બીજું દૃશ્ય પણ એટલું જ વિચારપ્રેરક હતું. કેટલીક દીકરીઓ એવી ગાળો ખૂબ સહજતાથી બોલતી જોવા મળી, જે સાંભળવા માટે સામાન્ય રીતે કોઈ સંસ્કારી સમાજ તૈયાર ન હોય, તેમાં પણ મોટા-ભાગની ગાળો સ્ત્રી અને પુરુષના શરીરને નિશાન બનાવતી હતી. વર્ષોથી સ્ત્રીઓએ આવી ગાળોના ઉપયોગનો વિરોધ કર્યો છે. અમે પુરુષોને સમજાવતા રહ્યા કે ગુસ્સો તમારો હોય, વિવાદ કોઈ બીજા સાથે હોય, તો તેમાં કોઈની મા-બહેનનું અપમાન શા માટે? આવી ગાળો માત્ર શબ્દો નથી. તે સ્ત્રીના અસ્તિત્વ, શરીર અને સન્માન પર થતો શાબ્દિક પ્રહાર છે. સમાજમાંથી આવી અભદ્રતા દૂર થાય એ માટે સ્ત્રીઓ અને જાગૃત પુરુષોએ વર્ષો સુધી પ્રયત્નો કર્યા છે. ત્યારે આજે જો કેટલીક સ્ત્રીઓ પોતે જ આવી ગાળોને શક્તિ, આધુનિકતા કે બળવાના પ્રતીક તરીકે અપનાવે, તો એ વિપરીત ચિત્ર કોઈને પણ હલાવી જાય. **જે ભાષા પુરુષ બોલે ત્યારે અપમાનજક હતી, એ જ ભાષા સ્ત્રી બોલે ત્યારે સશક્તિકરણનું પ્રતીક કેવી રીતે બની શકે?** અયોગ્યતા કોઈ એક જેન્ડર માટે યોગ્ય બની શકતી નથી. પુરુષ કરે ત્યારે ખોટું અને સ્ત્રી કરે ત્યારે સ્વતંત્રતા- અથવા તેનો ઊલટો આ બંને અભિગમ અસંતુલિત છે.

સમાનતા એટલે પુરુષોની ખરાબ આદતો અપનાવવાનો અધિકાર નહીં. સમાનતા એટલે સ્ત્રી અને પુરુષ બંને માટે સમાન મૂલ્યો, સમાન મર્યાદા અને સમાન જવાબદારી.

સ્ત્રીઓને વર્ષો સુધી બોલવાની તક મળી નહોતી, તેથી હવે તેઓ ગમે તે બોલે- આ વિચાર સશક્તિકરણ નથી, એક જેન્ડરે વર્ષો સુધી અન્યાય કર્યો હોય તો તેનો જવાબ બીજું જેન્ડર એ જ ખોટી રીતે અપનાવીને આપે, તે ન્યાય નથી, તે માત્ર ભૂમિકાઓની અદલાબદલી છે. આપણે અન્યાય કરનારનું સ્થાન મેળવવાનું નથી, અન્યાયની પ્રથાને જ સમાપ્ત કરવાની છે.

આ જ વિચાર જ્યારે રાષ્ટ્ર સાથે જોડીએ ત્યારે વધુ ગંભીર બની જાય છે. ભારતની સ્વતંત્રતા આપણને સહેલાઈથી મળી નથી. અસંખ્ય ક્રાંતિવીરો અને સ્વાતંત્ય સેનાનીઓએ જેલવાસ સહન કર્યો, પરિવારોનું સુખ છોડ્યું, યુવાની સમર્પિત કરી અને કેટલાએ પોતાના પ્રાણોની આહુતિ આપી. તેમની નજરમાં સ્વતંત્ર ભારત માત્ર વિદેશી શાસનથી મુક્ત દેશ નહોતો, તે ન્યાયી, પ્રામાણિક, સ્વાભિમાની અને જવાબદાર નાગરિકોનો દેશ હતો પરંતુ આજે પેપર લીક, ભ્રષ્ટાચાર, છેતરપિંડી અને વારંવાર સામે આવતાં વિવિધ કૌભાંડો વિશે સાંભળીએ ત્યારે દિલ હલી જાય છે. ત્યારે પ્રશ્ન થાય છે- જે ક્રાંતિવીરોએ આ દેશની સ્વતંત્રતા માટે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું, તેમના આત્માને આ બધું જોઈને કેટલી પીડા થતી હશે? આપણે પિતૃઓમાં શ્રધ્ધા રાખનારો અને પૂર્વજોની પૂજા કરનારો સમાજ છીએ. આવાં કાર્યો થકી એમને કેટલું દુઃખ આપીએ છીએ.

આજના યુવાઓને પ્રેમપૂર્વક એટલું જ કહેવા માંગું છું: તમારો અવાજ અમૂલ્ય છે. તમારી નિર્ભયતા સમાજને બદલવાની શક્તિ ધરાવે છે. તમારી પાસે જે સ્વતંત્રતા છે, તે અગાઉની અનેક પેઢીઓના સંઘર્ષનું પરિણામ છે. **સ્વતંત્રતાનો સાચો અર્થ એ નથી કે આપણા મનમાં આવે તે બધું બોલવાની કે કરવાની છૂટ મળી ગઈ. સાચી સ્વતંત્રતા એ છે કે બધું કરવાની છૂટ હોવા છતાં શું યોગ્ય છે, શું ન્યાયી છે અને શું માનવીય છે તે પસંદ કરવાની સમજ આપણામાં હોય.**

**સ્વતંત્રતા વ્યક્તિની હોય કે રાષ્ટ્રની- તે ત્યારે જ સુરક્ષિત રહે છે, જ્યારે તેને વિવેક, મર્યાદા અને પ્રામાણિકતાથી જીવવામાં આવે.**

Instagram@gita.shroff